# ગુજરાત જાહેર સેવા આયોગ

***સેક્ટર-૧૦-એ, "છ-૩" સર્કલ પાસે, "છ" રોડ, ગાંધીનગર-૩૮૨૦૧૦***

***ફોન નં- (૦૭૯) ૨૩૨ ૫૮૯૮૦ Web Site : https://gpsc.gujarat.gov.in***

જાહેરાત ક્રમાંક : ૧૨/૨૦૨૨-૨૩ : ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગ હસ્તકની નીચે દર્શાવેલ જગ્યાઓ પર કુલ-૩૮ ઉમેદવારો પસંદ કરવા માટે ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે https://gpsc-ojas.gujarat.gov.in પર તા. ૧૫/૦૭/૨૦૨૨ (૧૩-૦૦ કલાક) થી તા. ૩૦/૦૭ /૨૦૨૨ (૧૩-૦૦ કલાક) દરમ્યાન લોગ ઈન કરવાનું રહેશે. પસંદગીની પ્રક્રિયા માટે સ્પર્ધાત્મક પરીક્ષા યોજવામાં આવશે.

નોંધ : (૧) આ જગ્યા માટે પ્રિલિમિનરી પરીક્ષા સંભવત: તા. ૨૫/૦૯/૨૦૨૨ ના રોજ યોજવામાં આવશે.

(૨) પ્રિલિમિનરી પરીક્ષાનું પરિણામ સંભવત: નવેમ્બર-૨૦૨૨ માં પ્રસિધ્ધ કરવામાં આવશે.

(૩) આ જગ્યા માટે મુખ્ય લેખિત પરીક્ષા સંભવત: તા. ૫, ૧૧, ૧૨/૦૨/૨૦૨૩ ના રોજ યોજવામાં આવશે.

| જગ્યાનું નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | | કુલ જગ્યાઓ પૈકી અનામત | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | બિન અનામત (સામાન્ય) | આર્થિક રીતે નબળા વર્ગ | સા. શૈ. પ. વ. | અનુ. જાતિ | અનુ. જન જાતિ | બિન અનામત (સામાન્ય) | આર્થિક રીતે નબળા વર્ગ | સા. શૈ. પ. વ. | અનુ. જાતિ | અનુ. જન જાતિ | દિવ્યાંગ | માજી સૈનિક |
| મદદનીશ વન સંરક્ષક, વર્ગ-૨ | ૩૮ | ૧૭ | ૦૩ | ૧૦ | ૦૩ | ૦૫ | ૦૫ | ૦૦ | ૦૩ | ૦૦ | ૦૧ | ૦૨ | ૦૦ |

૧. દિવ્યાંગ ઉમેદવારો માટે:-(૧) ઉપરની જગ્યાઓ સામે નીચે દર્શાવ્યા મુજબની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો જ અરજી કરવા પાત્ર છે:

**LC= Leprocy Cured, AVV= Acid Attack Victims**

(૨) જાહેરાતમાં (૧) રક્ત પિત્તથી સાજા થયેલ (૨) એસિડ હૂમલાના ભોગ બનેલા એમ બે કેટેગરી ઉમેદવારો માટે અનામત રાખવામાં આવેલ છે અને તે જ કેટેગરીના ઉમેદવારો અરજી કરવાને પાત્ર બનશે..

(૩) દિવ્યાંગ ઉમેદવારોને સામાન્ય વહીવટ વિભાગના તા. ૧-૧૨-૨૦૦૮ના પરિપત્ર ક્રમાંક : પરચ-૧૦૨૦૦૮-૪૬૯૫૪૦-ગ.૨ થી નિયત થયેલ સુપ્રિન્ટેડન્ટ/ સિવિલ સર્જનના તબીબી પ્રમાણપત્રને આધિન રહીને ઉપલી વય મર્યાદામાં ૧૦ વર્ષની છૂટછાટ મળશે.

(૪) દિવ્યાંગ ઉમેદવારોએ Online ફોર્મમાં Personal Details માં પોતાની અશકતતાની ટકાવારી / વિગત દર્શાવવાની રહેશે.

(૫) દિવ્યાંગ તથા માજી સૈનિક માટે અનામત જગ્યાઓ ઉપર જે ઉમેદવાર પસંદગી પામશે તેઓ પોતે જે કેટેગરીના (બિન અનામત/ અનુ.જાતિ/ અનુ.જનજાતિ/ સા.શૈ.પ.વર્ગ /આ.પ.વ) ઉમેદવાર હશે, તે કેટેગરીના ગણવામાં આવશે.

(૬) સા.વ.વિ.ના તા. ૧૫/૦૨/૨૦૦૧ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર-૧૦૨૦૦૦-જીઓઆઈ- ૭-ગ.૨ મુજબ દિવ્યાંગતા ૪૦% કે તેથી વધુ હોય તેમને જ દિવ્યાંગતાના લાભો મળવાપાત્ર રહેશે.

૧. નાગરિકત્વ : પરીક્ષામાં પ્રવેશ માટે ઉમેદવાર (ક) ભારતનો નાગરિક, અથવા (ખ) નેપાળનો પ્રજાજન, (ગ) ભુતાનનો પ્રજાજન, અથવા (ઘ) ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી તા.૧લી જાન્યુઆરી ૧૯૬૨ પહેલાં ભારતમાં આવેલ તિબેટના નિર્વાસિત,

અથવા (ચ) પાકિસ્તાન, બર્મા, શ્રીલંકા અને પૂર્વ આફ્રિકન દેશો, કેન્યા, યુગાન્ડા, વિયેટનામ, ઝામ્બિયા, મલાવી, ઝેર, ઈથીયોપીયા, યુનાઈટેડ રિપબ્લિક ઓફ ટાન્ઝાનિયાના દેશોમાંથી સ્થળાંતર કરી ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી આવેલ મૂળ ભારતીય વ્યક્તિ, હોવો જોઇશે, પરંતુ (ખ) થી (ચ) સુધીના પ્રકારમાંની વ્યક્તિઓ તેમણે ગુજરાત સરકાર પાસેથી પાત્રતા પ્રમાણપત્ર મેળવ્યું હોય તો જ નિમણૂક માટે પાત્ર બનશે.

૨. અરજીપત્રક:-

(૧) બિન અનામત વર્ગના ઉમેદવારોએ , જો તેઓ પોસ્ટ ઓફિસમાં ફી ભરે તો રૂ. ૧૦૦ + પોસ્ટલ ચાર્જીસ તથા ઓન લાઇન ફી ભરે તો રૂ. ૧૦૦ + સર્વિસ ચાર્જીસ ફી ભરવાની રહેશે. અનામત વર્ગના ઉમેદવારો ( આર્થિક રીતે નબળા વર્ગો, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ) દિવ્યાંગ ઉમેદવારો અને માજી સૈનિકોને ફી ભરવામાંથી મુક્તિ આપવામા આવેલ છે. જેથી તેમણે કોઇ ફી ભરવાની રહેતી નથી.

(૨) અનામત કક્ષાના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરે તો અરજી ફી ભરવાની રહેશે નહી.

(૩) અનામત કક્ષાના ઉમેદવારો માટે જાહેરાતમાં અનામત જગ્યાઓ દર્શાવેલ ન હોય ત્યાં આવા ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેમને પસંદગી માટે બિનઅનામતના ધોરણો લાગુ પડશે.

(૪) જાહેરાતમાં મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત ન હોય તો પણ જે તે કેટેગરીમાં મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે.

(૫) જાહેરાતમાં જે તે કેટેગરીમાં કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે અમુક જગ્યાઓ અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ સિવાયની બાકી રહેતી જગ્યાઓ ફક્ત પુરુષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનું નથી, આ જગ્યાઓ પર પુરુષ તેમજ મહિલા ઉમેદવારોની પસંદગી માટે વિચારણા થઇ શકે છે, પુરુષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે. (દા.ત. કુલ ૧૦ જગ્યાઓ પૈકી ૦૩ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે પરંતુ બાકી રહેતી ૦૭ જગ્યા સામે મહિલા ઉમેદવાર પણ પસંદગી પામી શકે છે.)

(૬) જાહેરાતમાં માત્ર મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત હોય તો પણ જે તે કેટેગરીમાં પુરુષ ઉમેદવાર અરજી કરી શકે છે કેમ કે મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો આ જગ્યાઓ પર પસંદગી માટે પુરુષ ઉમેદવારોની વિચારણા થઇ શકે છે. પરંતુ જે જગ્યાઓ મહિલા ઉમેદવારો માટે જ અનામત હોય અને તે જગ્યા ઉપર મહિલા ઉમેદવારો પુરેપુરા પસંદગી પામે/જેટલી સંખ્યામાં પસંદગી પામે તો તેમને જ પ્રથમ વિચારણામાં લેવાના થશે અને આયોગે નિયત કરેલ માપદંડ મુજબ કોઇ મહિલા ઉમેદવાર પસંદ ન થાય કે ઓછા મહિલા ઉમેદવાર પસંદ થાય તો તેટલા પ્રમાણમાં પુરુષ ઉમેદવારોને ધ્યાનમાં લેવામાં આવશે (૭) પ્રાથમિક કસોટીના પરિણામના આધારે જે ઉમેદવારોને મુખ્ય (લેખિત) પરીક્ષા માટે કામચલાઉ સફળ જાહેર કરેલ હશે તેવા ઉમેદવારોએ મુખ્ય (લેખિત) પરીક્ષા માટે ફરીથી ઓનલાઇન ફોર્મ ભરી, જરૂરી પ્રામાણપત્રો/ દસ્તાવેજો સ્કેન (Scan) કરીને આયોગની વેબસાઇટ **https://gpsc-iass.gujarat.gov.in** પર ઓન લાઇન અપલોડ કરવાના રહેશે.

૩. જન્મ તારીખ:-

(૧)આયોગ જન્મ તારીખ ના પુરાવા માટે એસ. એસ. સી બોર્ડ દ્વારા અપાયેલ એસ. એસ. સી. ઇ.પ્રમાણપત્ર જ માન્ય રાખે છે. પરંતુ આ પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ ખોટી હોવાનું ઉમેદવાર માને તો સક્ષમ અધિકારીએ આપેલ વય અને અધિવાસના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ મોકલવાની રહેશે. આ પ્રમાણપત્રમાં અધિકૃત અધિકારીએ સ્પષ્ટપણે જણાવેલ હોવું જોઇએ કે તેઓએ એસ. એસ. સી. કે તેની સમકક્ષ પરીક્ષાનું મૂળ પ્રમાણપત્ર તપાસેલ છે અને પોતાની સમક્ષ રજૂ કરવામાં આવેલ પુરાવાઓને આધારે ઉમેદવારની સાચી જન્મતારીખ ………… છે. જે એસ. એસ. સી. કે તેની સમકક્ષ પરીક્ષાના પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ કરતાં જુદી છે તથા માનવાને પુરતું કારણ છે. ઉમેદવારે રજૂ કરેલ વય અને અધિવાસનું પ્રમાણપત્ર તેની વિશ્વાસહર્તા(credibility)ના આધારે સ્વીકાર કે અસ્વીકારનો નિર્ણય આયોગ દ્વારા લેવામાં આવશે.

(૨)ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ જન્મ તારીખમાં પાછળથી કોઇપણ કારણસર ફેરફાર થઈ શકશે નહી.

૪. ઉંમર અને તેમાં છુટછાટ:

(૧) ઉંમર જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૨) અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ઉમેદવારે ૨૦ વર્ષ પૂરા કરેલા હોવા જોઇએ અને ૩૬ વર્ષ પૂરા કરેલ ન હોવા જોઇએ.

(૩) જાહેરાતમાં દર્શાવેલ ઉપલી વયમર્યાદામાં નીચે મુજબની છૂટછાટ મળવાપાત્ર છે.

| | | |
|---|---|---|
| ૧ | મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |

| | | |
|---|---|---|
| ૨ | મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના મહિલા ઉમેદવારો | દસ વર્ષ (આ છૂટછાટમાં મહિલા માટેની છૂટછાટ કે જે પાંચ વર્ષની છે, તેનો સમાવેશ થઇ જાય છે, વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં છૂટછાટ મળશે.) |
| ૩ | બિન અનામત (સામાન્ય) મહિલા ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૪ | માજી સૈનિકો, (ઇ.સી.ઓ., એસ.સી.ઓ સહિત ઉમેદવારો) | સંરક્ષણ સેવામાં બજાવેલ સેવા (ઓછામાં ઓછી પાંચ વર્ષની સંરક્ષણ સેવા) ઉપરાંત બીજા ત્રણ વર્ષ |
| ૫ | ગુજરાત સરકારના કર્મચારીઓ: ગુજરાત મુલ્કી સેવા અને વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાએ મુજબ ગુજરાત સરકારની નોકરીમાં કાયમી ધોરણે અથવા હંગામી ધોરણે સળંગ છ માસથી કામગીરી બજાવતા હોય અને તેઓની પ્રથમ નિમણૂક જાહેરાતમાંની જગ્યામાં દર્શાવેલ વય મર્યાદાની અંદર થયેલ હોય તેવા કર્મચારીઓ | ગુજરાત સરકારના કર્મચારીઓને ઉપલી વય મર્યાદામાં કોઇપણ પ્રકારની છૂટછાટ મળવાપાત્ર નથી. |
| ૬ | દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો | દસ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |

૫.લાયકાત : ૧) પરીક્ષા માટે ઉમેદવાર ભારતની સંસદ કે રાજ્ય વિધાનસભાના કાયદા હેઠળ સ્થાપિત કોઈપણ યુનિવર્સિટી કે સંસદના એક્ટ દ્વારા સ્થાપિત શૈક્ષણિક સંસ્થા અથવા યુ.જી.સી. એક્ટ-૧૯૫૬ના સેક્શન -૩ હેઠળ યુનિ. તરીકે પ્રસ્થાપિત થયેલ બીજી શૈક્ષણિક સંસ્થાની નીચેના વિષયો પૈકી કોઇ એકમાં મુખ્ય વિષય **(Principal Subject)** સાથેની સ્નાતકની પદવી ધરાવતા હોવા જોઈએ. (i)Botany, (ii) Chemistry, (iii)Geology, (iv)Mathematics, (v)Physics, (vi)Statistics, (vii)Zoology, (viii) Microbiology, (ix)Biotechnology, (x)Bio-chemistry, (xi)Environmental science, (xii)Animal Husbandry and Veterinary Science, (xiii)Agriculture, (xiv)Forestry, (xv)Horticulture, (xvi)Engineering/Technology,

ઉપર દર્શાવેલ પદવીઓ પૈકી B.Sc (Agriculture ), B.Sc (Horticulture ), અને B.Sc (Forestry)ની પદવી Cental Agriculture Universities Act અથવા Central Horticulture Universities Act અથવા તો State Agriculture Universities Act અથવા State Horticulture Universities Act અંતર્ગત સ્થાપિત/માન્ય યુનિવર્સિટિની ધરાવતા હોવા જોઇશે. વધુમાં જે ઉમેદવાર Forestry (વન વિજ્ઞાન)ના મુખ્ય વિષય સાથે B.Scની પદવી ધરાવતા હશે તેઓને મુખ્ય પરીક્ષા અને રૂબરૂ મુલાકાતમાં મેળવેલ કુલ ગુણ ના ૧૦% વધારાના ગુણ મળવા પાત્ર થશે. (૨) અરજીપત્રક સ્વીકારવાની છેલ્લી તારીખ સુધીમાં જે ઉમેદવારોના ૨૦ વર્ષ પુરા થયેલા હોય અને નિયત લાયકાતની પદવીના છેલ્લા સેમેસ્ટર/વર્ષની પરીક્ષામાં ઉપસ્થિત થયેલ છે અથવા થનાર છે પરંતુ જેનું પરિણામ પ્રસિધ્ધ થયેલ ના હોય તેવા ઉમેદવારો પ્રિલિમિનરી પરીક્ષા માટે અરજી કરી શકશે, પરંતુ તેઓએ જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની પદવી મુખ્ય પરીક્ષા માટેની અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં પ્રાપ્ત કરેલી હોવી જોઇશે (૪) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતા હોવા જોઈએ. આ પ્રકારની લાયકાત નહિ ધરાવનાર ઉમેદવાર નિમણૂકને પાત્ર બનશે નહિ. (૫) ઉમેદવાર ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાનું પર્યાપ્ત જ્ઞાન ધરાવતા હોવા જોઈએ

૬.ઉમેદવારો માટેની જરૂરી લઘુતમ શારીરિક ધોરણ:

| ક્રમ | વિગત | ઉંચાઈ (સેં.મી.) | છાતીનું માપ (સે.મી.) ★ | | | વજન (કિ.ગ્રા.) |
|---|---|---|---|---|---|---|
| | | | ફુલાવ્યા વગર (સે.મી.) | ફુલાવેલ છાતીનું (સે.મી.) | ફુલાવેલ છાતીનું પ્રમાણ (સે.મી.) | |
| ૧ | પુરૂષ ઉમેદવાર માટે | ૧૬૫ | ૭૯ | ૮૪ | ૫ | ૫૦ |
| ૨ | અનુ.જનજાતિના પુરૂષ ઉમેદવાર માટે | ૧૬૦ | ૭૬ | ૮૧ | ૫ | ૫૦ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૩ | મહિલા ઉમેદવાર માટે | ૧૫૮ | - | - | - | ૪૫ |
| ૪ | અનુ. જનજાતિની મહિલા ઉમેદવાર માટે | ૧૫૯ | - | - | - | ૪૫ |

નીચે મુજબની શારીરિક/માનસિક ક્ષતિ ધરાવતા ઉમેદવારો જગ્યા માટે પાત્ર ગણાશે નહિ.

**(1)Knock knee (2) Squint eye (3) Flat feet (4) Varicose Veins Hammer toes (5) Fractured limbs (6) Communicable skin disease (7) Colour blindness (8) History of psychiatric aliments.**

આયોગ દ્વારા ભલામણ કરવામા આવનાર સફળ ઉમેદવારોએ વન અને પર્યાવરણ વિભાગ દ્વારા આયોજીત Walking Test આપવાની રહેશે , પુરુષ ઉમેદવારોએ ૨૫ કિ.મી અને મહિલા ઉમેદવારોએ ૧૪ કિ.મી Walking Test નિયત ૪ કલાકમાં પૂર્ણ કરવાની રહેશે. Walking Testમાં પ્રથમ પ્રયત્ને અસફળ રહેનાર ઉમેદવારોને વધુ એક તક આપવામાં આવશે, પરંતુ જો આ તકમાં ઉમેદવાર અસફળ રહેશે તો નિમણૂક આપવામાં આવશે નહિ.

૭. પગાર ધોરણ : ૫.(૧) પે મેટ્રીક્ષ લેવલ નંબર-૦૯ રૂ. ૫૩,૧૦૦-૧,૬૭,૮૦૦ તથા નિયમોનુસાર મળવાપાત્ર અન્ય ભથ્થાઓ. (૨) અજમાયશી સમય દરમ્યાન ઉપરોકત દર્શાવેલ જગ્યાઓમાં ઈજાફો આપવામાં આવશે નહિ. તેમ છતાં સક્ષમ સત્તાધિકારી દ્વારા અજમાયશી સમય સંતોષકારક રીતે પૂર્ણ થયે ઈજાફો મંજૂર કરવામાં આવશે.(૩) ગુજરાત સરકારની નોકરીમાં હોય તેવી વ્યક્તિઓનો પગાર ગુજરાત મુલ્કી સેવા નિયમો અનુસાર ઉપર્યુકત પગાર ધોરણમાં નિયત કરવામાં આવશે. (૪) ફરજો : સરકાર તરફથી સંબંધિત જગ્યા માટે વખતો વખત સોંપવામાં આવે તે કામગીરી.(૫) બઢતીની તકો : ઉપરોકત જગ્યાઓ પર નિમણૂક પામેલ ઉમેદવારો જે તે જગ્યાના ભરતી નિયમોનુસાર ઉપલી જ્ગ્યાઓ પર બઢતી માટે લાયક ગણાશે.

૮. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ :-

(૧) મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ ના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ પૈકી ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગતો અરજીપત્રકમાં અચૂક આપવી.

(૩) ઉમેદવારે અરજીપત્રકના સંબંધિત કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહી હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હક્ક દાવો માન્ય રાખવામાં આવશે નહીં.

(૪) અનામત વર્ગનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી દ્વારા નિયત નમુનામાં આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની વિગત ઓનલાઇન અરજી કરતાં સમયે અચૂક આપવાની રહેશે. ઓનલાઇન અરજી કરતાં સમયે જો આ વિગત સામેલ નહીં હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને અરજીપત્રક રદ થવાને પાત્ર બનશે.

(૫) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ "ઉન્નત વર્ગમાં" નહી થતો હોય તો જ મળવાપાત્ર થશે.

(૬)(અ) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનું તારીખ: ૦૬/૦૨/૧૯૯૬ના ઠરાવથી નિયત થયેલ ગુજરાતી નમૂના 'પરિશિષ્ટ-ક' મુજબનું અથવા નવા નિયત કરાયેલ ગુજરાતી નમૂના 'પરિશિષ્ટ-૪' મુજબનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૬)(બ) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૬/04/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ મુજબ 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્ર**(Non Creamy Layer Certificate)'**ની મહત્તમ અવધિ (Validity) ઈસ્યુ થયા-વર્ષ સહિત ત્રણ નાણાકીય વર્ષની રહેશે, એટલે કે આ પ્રમાણપત્ર તા.૦૧-૦૪-૨૦૨૦ ના રોજ કે ત્યારબાદ ઇસ્યુ થયેલ હોવું જોઇએ. પરંતુ આવું પ્રમાણપત્ર સંબંધિત જાહેરાત માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં એટલે કે તા. ૩૦-૦૭-૨૦૨૨ સુધીમાં ઈસ્યુ કરાયેલ હોવું જોઈએ. જો આ પ્રમાણપત્ર આ સમયગાળા દરમિયાન ઇસ્યુ થયેલુ હશે, તો જ માન્ય રાખવામાં આવશે અન્યથા તે માન્ય રાખવામાં આવશે નહિ.

(૬)(ક) પરિણિત મહિલા ઉમેદવારોએ આવુ પ્રમાણપત્ર તેમના માતા-પિતાની આવકના સંદર્ભમાં રજૂ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં રજૂ કરેલ હશે તો તેમની અરજી રદ્દ કરવામાં આવશે.

(૬)(ડ) ઉમેદવારે ઓનલાઈન અરજી કરતી વખતે જે 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેનું પ્રમાણપત્ર' ની વિગતો જણાવેલ હોય તેની જ નકલ અરજી સાથે જોડવાની રહેશે**.** જો આવા પ્રમાણપત્રમાં કોઈ ભૂલ હોવાને કારણે ઉમેદવાર જાહેરાતની છેલ્લી તારીખ બાદનું નવું પ્રમાણપત્ર મેળવે તો પણ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવાર તરીકે પાત્ર થવા માટે ઓનલાઈન અરજીમાં જણાવેલ પ્રમાણપત્ર જ માન્ય રહેશે.

(૬)(ઇ) ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું પ્રમાણપત્ર આપવા માટે ૬ માપદંડો ધ્યાને લેવાય છે. પ્રમાણપત્રની અવધિ હવે ત્રણ વર્ષની છે. પરંતુ ઉક્ત માપદંડો પૈકી કોઈપણ માપદંડમાં આ અવધિ દરમ્યાન ફેરફાર થાય તો તેની સ્વૈચ્છિક જાહેરાત સંબંધિત ઉમેદવારે તથા તેના માતા-પિતા/વાલીએ સ્વયં સંબંધિત સત્તાધિકારી તેમજ તેના દ્વારા પ્રમાણપત્રમાં કોઈ ફેરફાર કરવામાં આવે તો ગુજરાત

જાહેર સેવા આયોગને કરવાની રહેશે. ઉમેદવાર/માતા-પિતા/વાલી આવી જાહેરાત નહિં કરીને કોઈપણ વિગતો છૂપાવશે તો તેઓ કાયદેસરની કાર્યવાહીને પાત્ર બનશે અને તેઓએ મેળવેલ અનામતનો લાભ રદ્દ કરવાપાત્ર થશે. ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્ર મેળવવા માટેના કોઈપણ માપદંડમાં ફેરફારની સ્વૈચ્છિક જાહેરાત કરવાની જવાબદારી ઉમેદવાર/માતા-પિતા/વાલીની વ્યક્તિગત રીતે અને સંયુક્ત રીતે રહેશે.

(૭) આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારોએ રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક : ઇ.ડબલ્યુ.એસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નિયત થયેલ નમૂના ( અંગ્રેજીમાં Annexure KH અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ-ગ) માં મેળવેલ આર્થિક રીતે નબળા વર્ગો માટેના પ્રમાણપત્રના નંબર અને તારીખ ઓન લાઇન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે. આ પાત્રતા પ્રમાણપત્ર સંબંધિત જાહેરાત માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઈસ્યુ કરાયેલ હોવું જોઈએ. જો આ પ્રમાણપત્ર આ સમયગાળા દરમિયાન ઇસ્યુ થયેલુ હશે, તો જ માન્ય રાખવામાં આવશે અન્યથા તે માન્ય રાખવામાં આવશે નહિ.

(૮) સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણો (અર્થાત વયમર્યાદા ,અનુભવની લાયકાત, બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલ અન્ય ક્ષેત્ર) માં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે તો બિનઅનામત જગ્યાની સામે ગણતરીમાં લેવાના થાય છે.

(૯) ઉમેદવારે અરજીમાં જાતિ અંગે જે વિગત દર્શાવેલ હશે તેમાં પાછળથી ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહી.જો કોઈ ઉમેદવારે નિયત સમયગાળા દરમ્યાન ઈસ્યુ થયેલ નિયત નમૂનાનું પ્રમાણપત્ર રજૂ કરેલ નહિ હોય તો તેઓની અરજી અમાન્ય ગણવામાં આવશે અને તેઓને બિનઅનામત જગ્યા સામે પણ વિચારણામાં લેવામાં આવશે નહિ.

નોંધ-૧: સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક: ઇડબલ્યુએસ/ ૧૨૨૦૧૯/ ૪૫૯૦૩/અ, તા. ૨૬.૦૬.૨૦૨૦ ની જોગવાઇ મુજબ આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટેના પાત્રતા પ્રમાણપત્રો ઇસ્યુ (issue) થયા તારીખથી ત્રણ વર્ષ સુધી માન્ય ગણવામાં આવશે. પરંતુ તા. ૨૫.૦૧.૨૦૧૯ થી તા. ૧૨.૦૯.૨૦૧૯ સુધી ઇસ્યુ થયેલ EWS પ્રમાણપત્રની વધારેલ અવધિનો લાભ લેવા માટે ઉમેદવારે તેના કુટુંબની આવકમાં વધારો થયો નથી અને રાજ્ય સરકારના અનામતના હેતુ માટે નક્કી થયેલ પાત્રતાના માપદંડ મુજબ લાયક ઠરે છે તેવી બાહેંધરી ઉક્ત ઠરાવ સાથેના પરિશિષ્ટથી નિયત કર્યા મુજબના નમૂનામાં આપવાની રહેશે. આયોગ જ્યારે EWS પ્રમાણપત્ર મગાવે તે સમયે ઉમેદવારે પ્રમાણપત્રની સાથે આ બાંહેધરી રજૂ કરવાની રહેશે. આ જોગવાઇના દુરુપયોગ બદલ અનામતનો લાભ રદ થવા પાત્ર છે અને ઉમેદવાર કાયદેસરની કાર્યવાહીને પાત્ર બને છે. જેથી વધારેલ અવધિનો લાભ લેતા અગાઉ ઉમેદવારોએ ઉક્ત ઠરાવની તમામ જોગવાઇઓનો અભ્યાસ કરી લેવા જણાવવામાં આવે છે. ૨૫.૦૧.૨૦૧૯ થી તા. ૧૨.૦૯.૨૦૧૯ સુધી ઇસ્યુ થયેલ EWS પ્રમાણપત્રની વધારેલ અવધિ સંદર્ભે રજૂ કરવાની બાંહેધરીનો નિયત નમૂનો **https://gpsc.gujarat.gov.in/Documents/AdvertismentDocument/EWS_SELF-DECLERATION_FORM.pdf** પરથી મેળવી લેવાનો રહેશે.

૯. માજી સૈનિક :-

(૧) માજી સૈનિક ઉમેદવારોએ અરજીપત્રકમાં વિગતો આપવાની રહેશે.

(૨) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ અરજીપત્રક અને અન્ય પ્રમાણપત્રો સાથે આયોગ દ્વારા જ્યારે મંગાવવામાં આવે ત્યારે સાથે અચૂક મોકલવાની રહેશે.

(૩) સામાન્ય વહીવટ વિભાગના તારીખ: ૦૯/૦૭/૨૦૧૮ ના ઠરાવ ક્રમાંક: આરઇએસ૧૦૮૫૩૪૩૩ગ-૨ જોગવાઇ મુજબ માજી સૈનિકોને અરજીપત્રકની કિંમત, અરજી ફી અને પરીક્ષા ફી ભરવામાંથી મુક્તિ આપવામાં આવેલ છે.

૧૦. મહિલા ઉમેદવાર :-

મહિલાઓની અનામત જગ્યાઓ માટે આયોગે નિયત કરેલા માપદંડ મુજબ જો યોગ્ય મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો તેની જગ્યા જે તે કક્ષાના (category) પુરુષ ઉમેદવારોને ફાળવી શકાશે.

| |
|---|
| જો ઉમેદવારનો સમાવેશ અનામત વર્ગ ,માજી સૈનિક ,મહિલા કે વિધવા પૈકીના વિકલ્પો પૈકી એક થી વધુ વિકલ્પોમાં થતો હોય તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે મળશે. |

૧૧. વિધવા ઉમેદવાર : સરકારના પ્રવર્તમાન નિયમો અનુસાર વિધવા મહિલા ઉમેદવારોને પસંદગીમાં અગ્રતા આપવામાં માટે તેમને મળેલ કુલ ગુણના ૫ (પાંચ) ટકા ગુણ પ્રિલિમિનરી પરીક્ષા, મુખ્ય લેખિત પરીક્ષા અને રૂબરૂ મુલાકાતમાં ઉમેરી આપવામાં આવશે. પરંતુ તેઓએ ભરતી તથા નિમણૂક સમયે પુન: લગ્ન કરેલ ના હોવા જોઇએ. ઉપરાંત આયોગની કચેરી માંગે ત્યારે તેના તમામ પુરાવાઓ અસલમાં આયોગની કચેરીમાં રજૂ કરવાના રહેશે.

૧૨. ના વાંધા પ્રમાણપત્ર :-

(૧) ગુજરાત સરકારના સરકારી /અર્ધ સરકારી/ સરકાર હસ્તકના કોર્પોરેશન /કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ / કર્મચારીઓ આયોગની જાહેરાતના સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ખાતા/કચેરીને અરજી કર્યાની તારીખથી દિન-૭ માં અચૂક કરવાની રહેશે. જો ઉમેદવારના નિયોક્તા તરફથી અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ ૩૦

દિવસમાં અરજી કરવાની પરવાનગી નહીં આપવાની જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજુર કરી ઉમેદવારી રદ કરવામાં આવશે.(૨) કેન્દ્ર સરકારની અથવા અન્ય કોઇપણ રાજ્ય સરકારની નોકરીમાં હોય તેવા ઉમેદવારે આ અરજી સાથે નિમણૂક અધિકારીનું ના વાંધા પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

૧૩. ગેરલાયક ઉમેદવાર :-

ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી /અર્ધ સરકારી /સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય તો તેની વિગત અરજીપત્રકમાં આપવાની રહેશે. જો ઉમેદવારનો ગેરલાયક ઠરાવ્યાનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી રદ થવાને પાત્ર બનશે.

૧૪. કોમ્પ્યુટરનું જ્ઞાન :

ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતા હોવા જોઈએ. આ પ્રકારની લાયકાત નહિ ધરાવનાર ઉમેદવાર નિમણૂકને પાત્ર બનશે નહિ.

૧૫.સામાન્ય શરતો :- (૧) અનામત વર્ગનો લાભ મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સા.અને શૈ.પ.વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગનાં ઉમેદવારોને જ મળશે. (૨) અરજી કર્યા બાદ પરત ખેંચી શકાશે નહિ. (૩) ઉમેદવારે અરજીપત્રકમાં કોઇપણ વિગત ખોટી બતાવેલ હશે તો તેનું અરજીપત્રક કોઇપણ તબક્કે રદ કરવામાં આવશે તથા તેણે લાયકી ધોરણ (Passing Standard) મેળવેલ હશે કે ઉમેદવાર પસંદગી પામેલ હશે તો પણ તેની ઉમેદવારી રદ ગણાશે. આથી અરજીપત્રકમાં ખૂબ ચીવટપૂર્વક વિગતો ભરવી. (૪) ફી ભર્યા બાદ રીફંડ મળવાપાત્ર નથી. (૫) ગુજરાત સરકારના કર્મચારી આયોગની જાહેરાત સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે. પરંતુ તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ખાતા/કચેરીને દિન-૭ માં અચૂક કરવાની રહેશે. જો ઉમેદવારના વિભાગ / ખાતા / કચેરી તરફથી અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ ૩૦ દિવસમાં અરજી કરવાની પરવાનગી નહિ આપવાની આયોગને જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજૂર કરી ઉમેદવારી રદ કરવામાં આવશે.

૧૬. પરીક્ષાની રૂપરેખા તથા અભ્યાસક્રમ :- (૧) પરીક્ષાની રૂપરેખા : સ્પર્ધાત્મક પરીક્ષા ક્રમાનુસાર ત્રણ તબક્કામાં યોજવામાં આવશે.

(એ) પ્રિલિમિનરી પરીક્ષા : મુખ્ય પરીક્ષા માટેના ઉમેદવારો પસંદ કરવા;

(બી) મુખ્ય પરીક્ષા (લેખિત અને રૂબરૂ મુલાકાત) : નિશ્ચિત જગ્યાઓ માટે આખરી પસંદગી માટે ઉમેદવારો પસંદ કરવા. ઉમેદવારોની આખરી પસંદગી મુખ્ય પરીક્ષામાં મેળવેલ ગુણ (મુખ્ય લેખિત પરીક્ષામાં મેળવેલ ગુણ વત્તા રૂબરૂ મુલાકાતમાં મેળવેલ ગુણ) ના આધારે કરવામાં આવશે.

૧૬. (૨) પ્રિલિમિનરી પરીક્ષા **(objective type)** :

| ક્રમ | વિષય | કુલ ગુણ | સમય |
|---|---|---|---|
| પ્રશ્નપત્ર-૧ | **General Studies-I** | **200 Marks** | **3 hours** |
| પ્રશ્નપત્ર-૨ | **General Studies-II** | **200 Marks** | **3 hours** |

નોંધ:- (૧) પ્રશ્નપત્ર-૧ અને ૨ વૈકિલ્પક પ્રકારનું અને તેનું સ્તર (**standard**) અને અભ્યાસક્રમ સ્નાતક કક્ષાનો રહેશે.
(૨) પ્રશ્નપત્ર-૧ અને ૨ નું માધ્યમ ગુજરાતી અને અંગ્રેજી રહેશે.

૧૬. (૩) મુખ્ય પરીક્ષા (લેખિત) **(conventional type)** :

| ક્રમ | વિષય | કુલ ગુણ | સમય |
|---|---|---|---|
| પ્રશ્નપત્ર-૧ | **Gujarati** | **150 Marks** | **3 hours** |
| પ્રશ્નપત્ર-૨ | **English** | **150 Marks** | **3 hours** |
| પ્રશ્નપત્ર-૩ | **General Studies-I** | **150 Marks** | **3 hours** |
| પ્રશ્નપત્ર-૪ | **General Studies-II** | **150 Marks** | **3 hours** |
| પ્રશ્નપત્ર-૫ | **General Studies-III** | **150 Marks** | **3 hours** |
| | **Total** | **750 Marks** | |

૧૬.(૪) રૂબરૂ મુલાકાત : **100 Marks**

(૫) અભ્યાસક્રમ : (એ) પ્રિલિમિનરી પરીક્ષા **(objective type)** અને મુખ્ય પરીક્ષા (લેખિત)નો વિષયવાર અભ્યાસક્રમ (**syllabus)** આયોગની વેબસાઈટ પર મૂકવામાં આવેલ છે.

(૬) ગુજરાતી પેપરનું સ્તર (**standard)** ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના ધોરણ-૧૨ ના ગુજરાતી વિષય (ઉચ્ચ કક્ષા) જેટલું રહેશે.

(૭) અંગ્રેજી પેપરનું સ્તર (**standard)** ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના ધોરણ-૧૨ ના અંગ્રેજી વિષય (નિમ્ન કક્ષા) જેટલું રહેશે.

(૮) પ્રશ્નપત્ર-૩ અને ૪ અને ૫ ના પેપરનું સ્તર (**standard)** અને અભ્યાસક્રમ સ્નાતક કક્ષાનો રહેશે.

(૯) પ્રિલિમિનરી પરીક્ષા એ માત્ર **screening test** છે જેના ગુણ આખરી પસંદગી માટે ધ્યાને લેવામાં આવશે નહીં.

(૧૦) પ્રિલિમિનરી પરીક્ષાના પરિણામને આધારે જાહેરાતમાં દર્શાવેલ કુલ જગ્યાઓના આશરે ૧૫ (પંદર) ગણા ઉમેદવારોને મુખ્ય પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે.

(૧૧) મુખ્ય પરીક્ષાના પ્રશ્નપત્ર-૧ **(**ગુજરાતી ભાષા**)** અને પ્રશ્નપત્ર-૨ **(**અંગ્રેજી ભાષા**)**ના પ્રશ્નપત્રનું માધ્યમ અનુક્રમે ગુજરાતી અને અંગ્રેજી રહેશે. પ્રશ્નપત્ર-૩ **(**સામાન્ય અભ્યાસ-૧**)**, પ્રશ્નપત્ર-૪ **(**સામાન્ય અભ્યાસ-૨**)** અને પ્રશ્નપત્ર-૫ **(**સામાન્ય અભ્યાસ-૩**)** ના પ્રશ્નપત્રનું માધ્યમ ગુજરાતી અને અંગ્રેજી રહેશે. આ પ્રશ્નપત્રોના જવાબો ગુજરાતી અથવા અંગ્રેજીમાં આપી શકાશે.

૧૭. પરીક્ષામાં પ્રવેશ : (૧) જરૂરી ફી સાથે અરજી કરનાર દરેક ઉમેદવારને અરજીની ચકાસણી કર્યા સિવાય પ્રિલિમિનરી પરીક્ષામાં બેસવા દેવામાં આવશે.(૨) ઉમેદવારો તરફથી મળેલ અરજીપત્રકોની ભરતી નિયમો અને જાહેરાતની જોગવાઈ મુજબ ચકાસણી કરવામાં આવશે અને આ જોગવાઈ સંતોષતા ઉમેદવારોને મુખ્ય લેખિત પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે. તેમ છતાં આવી ચકાસણી જો મુખ્ય લેખિત પરીક્ષા બાદ કરવામાં આવે તો તેવી ચકાસણી અનુસાર જરૂરી જોગવાઇ ન સંતોષતા ઉમેદવારોની ઉમેદવારી કોઇપણ તબક્કે રદ્દ કરવામાં આવશે તેની ઉમેદવારોએ અચૂક નોંધ લેવી.(૩) મુખ્ય લેખિત પરીક્ષામાં પ્રવેશ અંગે આયોગનો નિર્ણય આખરી ગણાશે અને આયોગના નિર્ણય સામે કોઈપણ પત્રવ્યવહાર ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

૧૮. પરીક્ષા કેન્દ્રોની વિગત : (૧) પ્રિલિમિનરી પરીક્ષા અમદાવાદ અને ગાંધીનગર ખાતે યોજવામાં આવશે જો વધુ સંખ્યામાં ઉમેદવારોની અરજીઓ આવશે તો આયોગ દ્વારા આ સિવાયના અન્ય પરીક્ષા કેન્દ્રો ખાતે પણ યોજવામાં આવશે. મુખ્ય લેખિત પરીક્ષા અમદાવાદ / ગાંધીનગર ખાતે તથા રૂબરૂ મુલાકાત ગાંધીનગર ખાતે લેવામાં આવશે.(૨) પ્રિલિમિનરી પરીક્ષા માટેના પ્રવેશપત્ર તથા ઉમેદવારોની સૂચનાઓ **https://gpsc-ojas.gujarat.gov.in** વેબસાઈટ પરથી ઉમેદવારોએ ડાઉનલોડ કરવાના રહેશે. આ માટે આયોગ દ્વારા વર્તમાનપત્રમાં જાહેરાત આપવામાં આવશે.(૩) ઉમેદવારોએ પ્રિલિમિનરી પરીક્ષા, મુખ્ય લેખિત પરીક્ષા તથા રૂબરૂ મુલાકાતમાં તેમના પોતાના ખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે.(૪) અનુ.જાતિ અને અનુ.જન જાતિના ઉમેદવારોને રૂબરૂ મુલાકાત માટે ગાંધીનગર આવવા માટે પોતાના રહેઠાણના સ્થળેથી ગાંધીનગર અને ગાંધીનગરથી રહેઠાણના સ્થળે પરત જવા માટે બીજા વર્ગનું રેલવે ભાડું અથવા અગર એસ.ટી. ભાડું સરકારના નિયમો અનુસાર ચૂકવવામાં આવશે.

૧૯. રૂબરૂ મુલાકાત :(૧) મુખ્ય લેખિત પરીક્ષામાં આયોગે નિયત કરેલ લાયકી ગુણ મેળવનાર જગ્યાના આશરે ત્રણ ગણા ઉમેદવારોને રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવશે.(૨) રૂબરૂ મુલાકાતમાં ઉમેદવારે હાજર રહેવું ફરજિયાત છે. હાજર ન રહેનાર ઉમેદવાર આખરી પસંદગી માટે પાત્ર બનશે નહીં.

૨૦. પરિણામ : (૧) આખરી પરિણામ આયોગના નોટીસ બોર્ડ અને વેબસાઈટ પર મૂકવામાં આવશે અને આ પરિણામ સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ કરવા માટે સરકારશ્રીને મોકલવામાં આવશે.(૨) આ પરિણામમાં ઉમેદવારના નામ, બેઠક ક્રમાંક તેમજ મેળવેલ કુલ ગુણની વિગતો આપવામાં આવશે.(૩) આ પરિણામમાં અસફળ થયેલ ઉમેદવારોના બેઠક ક્રમાંક અને તેઓએ મેળવેલ ગુણ પણ દર્શાવવામાં આવશે.

૨૧. ગુણપત્રક : (૧) મુખ્ય પરીક્ષાનું ગુણપત્રક મેળવવા ઈચ્છતા ઉમેદવારોએ રૂબરૂ મુલાકાતને અંતે આખરી પરિણામ જાહેર થયા બાદ "સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર" ના નામનો રૂ.૫૦-૦૦ નો ક્રોસ્ડ ભારતીય પોસ્ટલ ઓર્ડર અથવા આયોગની કચેરીના કાઉન્ટર પર કામકાજના દિવસોએ સવારના ૧૧-૦૦ થી ૨-૦૦ અને બપોરના ૩-૦૦ થી ૫-૦૦ સુધીમાં રોકડેથી ફી સાથે આયોગને અરજી કરવાની રહેશે. (૨) આ અરજીમાં ઉમેદવારે પરીક્ષાનું નામ, જાહેરાત ક્રમાંક, પોતાનું સરનામું બેઠક નંબર અને પરીક્ષાની વિગતો દર્શાવવાની રહેશે.(૩) ઉમેદવારોને તેમનું ગુણપત્રક ટપાલમાં મોકલી આપવામાં આવશે. રૂબરૂ મુલાકાતને અંતે આખરી પરિણામ જાહેર થયાની તારીખથી ૧૫ દિવસની અંદર ગુણપત્રક માટેની અરજી મોકલવાની રહેશે. આ મુદત બાદ મળેલ અરજી અમાન્ય ગણાશે.

૨૨. ગુણની પુન: ચકાસણી :(૧) જે ઉમેદવાર મુખ્ય પરીક્ષાના પોતાના ગુણની ચકાસણી કરાવવા ઈચ્છતા હોય તે ઉમેદવાર આયોગને મુખ્ય પરીક્ષાના પરિણામને આધારે રૂબરૂ મુલાકાતના અંતે આખરી પરિણામ જાહેર કર્યા તારીખથી ત્રીસ દિવસની અંદર દરેક પેપર દીઠ રૂ.૫૦-૦૦ ની ફી સાથે અરજી કરી શકશે. (૨) ઉમેદવારે પરીક્ષાનું નામ, બેઠક નંબર, અને નામ/સરનામું દર્શાવવાનું રહેશે.(૩) ફી અરજી સાથે રોકડેથી કે ભા.પો.ઓ. દ્વારા કચેરીના કાઉન્ટર પર સ્વીકારવામાં આવશે.(૪) ઉમેદવાર ટપાલથી આ અરજી મોકલી શકશે. આવી અરજી સાથે માત્ર સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગરના નામનો ક્રોસ્ડ ભા.પો.ઓ.**(IPO)** મોકલવાનો રહેશે.(૫) ઉત્તરવહીઓનું પુન: મૂલ્યાંકન **(Revaluation)** ફેર તપાસણી કોઈપણ સંજોગોમાં કરવામાં આવશે નહિ. (૬) ગુણની પુન:ચકાસણી સિવાય ઉમેદવારે મેળવેલ ગુણ બાબતના કોઈપણ વિવાદને આયોગ લક્ષમાં લેશે નહિ.

૨૩. નિમણૂંક : (૧) ઉમેદવારોને નિમણૂક માટે સામાન્ય રીતે ગુણવત્તા ક્રમમાં વિચારવામાં આવશે. પરંતુ પરીક્ષામાં સફળ થવાથી નિમણૂક માટેના હક્ક મળી જતો નથી.(૨) રાજ્ય સેવામાં નિમણૂક માટે ઉમેદવાર બધી રીતે યોગ્ય છે એમ જરૂરી લાગે તેવી તપાસ પછી સરકારને સંતોષ ન થાય તો તેવા ઉમેદવારની નિમણૂક કરવામાં આવશે નહિ.(૩) નિમણૂક પામેલ ઉમેદવારે સરકારના નિયમો મુજબની તાલીમ લેવી પડશે અને તાલીમ પરીક્ષા પાસ કરવાની રહેશે.(૪) ઉપરની જાહેરાત સંબંધમાં પસંદ થયેલા ઉમેદવારોની નિમણૂક માટે, સરકારશ્રીના સંબંધિત વિભાગને આયોગ દ્વારા ભલામણ કરવામાં આવશે.(૫) નિમણૂક પામેલ ઉમેદવારે તાલીમમાં

જતા પહેલા સરકાર નિયત કરે તેટલી રકમ અને સમય માટે security and surety bond આપવાના રહેશે.(૬) નિમણૂક અંગેની સઘળી કાર્યવાહી, સરકાર દ્વારા કરવામાં આવતી હોવાથી આ અંગેનો કોઇ પત્રવ્યવહાર આયોગ ધ્યાને લેશે નહિ.

૨૪. અજમાયશી સમય : (૧) નિમણૂક બાદ પસંદ થયેલા ઉમેદવારે બે વર્ષની મુદત સુધી અજમાયશ ઉપર રહેવું પડશે.(૨) અજમાયશી સમય, સરકારે આ માટે નક્કી કરેલા નિયમોનુસાર વધારી શકાશે.(૩) નિમણૂક બાદ ઉમેદવારે નિયમો મુજબ હિન્દી ભાષાની પરીક્ષા તથા સરકારશ્રી દ્વારા વખતોવખત નિયત કરવામાં આવે તેવી પૂર્વ સેવા તાલીમ, ખાતાકીય પરીક્ષાઓ તથા કમાન્ડો ટ્રેનીંગ પાસ કરવાની રહેશે.(૪) જે ઉમેદવારોની માતૃભાષા ગુજરાતી ન હોય તેવા ઉમેદવારે સરકારે નિયત કરેલા નિયમો અનુસાર ગુજરાતી ભાષાની પરીક્ષા પાસ કરવાની રહેશે.(૫) પરીક્ષાઓમાં નાપાસ થવાના પરિણામે ઈજાફો અટકાવવામાં કે નોકરી સમાપ્ત કરવામાં આવશે.(૬) પસંદ થયેલા ઉમેદવારોએ નિમણૂક પત્રમાં દર્શાવેલ સમયમાં ફરજ પર જોડાવવાનું રહેશે અને ગુજરાત રાજ્યમાં ગમે ત્યાં કામગીરી બજાવવાની રહેશે.

૨૫. **Online** અરજી કરવાની તથા અરજી ફી ભરવાની રીત:-

આ જાહેરાત સંદર્ભમાં આયોગ દ્વારા ઓનલાઈન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવાર તારીખ ૧૫/૦૭/૨૦૨૨, ૧૩:૦૦ કલાક થી તારીખ ૩૦/૦૭/૨૦૨૨, ૧૩:૦૦ કલાક સુધીમાં **https://gpsc-ojas.gujarat.gov.in** પર ઓનલાઇન અરજી ભરી શકશે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના (૧) થી (૧૪) Steps અનુસરવાના રહેશે.

(૧) સૌ પ્રથમ **https://gpsc-ojas.gujarat.gov.in** પર જવું.

(૨) આ સાઈટ્નાં Menu Bar પર "Online Application" વિકલ્પ પર ક્લિક કરતા "Apply" નો વિકલ્પ દેખાશે ત્યાં ક્લિક કરતા જ આપને હાલમાં ચાલતી જાહેરાતોની વિગત દર્શાવવામાં આવશે. ઉમેદવારે પોતાની પસંદગી વાળી જાહેરાતની સામેના "Apply" બટન પર ક્લિક કરતા જ, તે જાહેરાત માટેનો સારાંશ દેખાશે અને તે વાચ્યા પછી ઉમેદવાર "Apply" બટન પર ક્લિક કરીને ઓનલાઈન ફોર્મ ભરવાનાં પેજ પર જઈ શકશે. તેની નીચે Apply Now પર Click કરવાથી Application Format દેખાશે. Application Format માં સૌ પ્રથમ "Personal Details (ઉમેદવારની માહિતી)" ઉમેદવારે ભરવી. (અહીં લાલ ફુદરડી (*) નિશાની હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.) "Personal Details" (ઉમેદવારની માહિતી)" માં ઉમેદવારે પોતાની અટક, નામ, પિતાનું નામ, માતાનું નામ, જેન્ડર, જન્મ તારીખ, જાતિ વગેરેની માહિતી આપવાની રહે છે.

(૩) Personal Details ભરાયા બાદ "Communication Details (સંદેશાવ્યવહારની માહિતી)" જેમાં ઉમેદવારોએ પોતાનું હાલનું અને કાયમી રહેઠાણનું સરનામું, મોબાઈલ નંબર અને ઈ-મેલ આઈ.ડીની માહિતી આપવાની રહે છે.

(૪) "Communication Details (સંદેશાવ્યવહારની માહિતી)" ભરાયા બાદ"Other Details (અન્ય વિગતો)" માં ઉમેદવારે પોતાને લાગુ પડતી વિગતો, દિવ્યાંગતા, લહિયા માટેની સુવિધા મેળવવા બાબત, વિધવા, માજી સૈનિક, રાજ્ય સરકારમાં સેવા બાબતે કે કોઈ પણ આયોગ કે પસંદગી મંડળ માંથી પરીક્ષા આપવા માટે ડિ-બાર્ડ થયેલ છો કે કેમ**?** વિગતો ભરવી.

(૫) "Other Details (અન્ય વિગતો)" ભરાયા બાદ "Language Details (ભાષાની માહિતી)" માં ઉમેદવારે પોતાને આવડતી ભાષાઓ બાબતેની વિગત ટીક કરવી.

(૬) "Language Details (ભાષાની માહિતી)" ભરાયા બાદ "Upload Photograph (ફોટો અપલોડ કરો)" માં ઉમેદવારે પોતાનો સારી ગુણવત્તા અને ઓળખી શકાય તથા સ્વીકાર્ય હોય એવો ૦૫ સે.મી. લંબાઈ **X** ૩.૬ સે.મી. પહોળાઈ નો ફોટો અપલોડ કરવાનો રહે છે. (ફોટાનું માપ ૫ સે.મી. ઊંચાઇ અને ૩.૬ સે.મી પહોળાઈ અને signature નું માપ ૨.૫ સે.મી. ઊંચાઇ અને ૭.૫ સે.મી પહોળાઈ રાખવી) (Photo અને Signature upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature .jpg Format (10 KB) સાઇઝ થી વધારે નહીં તે રીતે Computer માં હોવા જોઇએ.) "Choose File" Button પર Click કરો હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં .jpg Format માં તમારો photo store થયેલ છે તે ફાઇલને ત્યાંથી Select કરો અને "Open" Button ને click કરો. હવે "Choose File" Button ની નીચે "Upload " Button પર Click કરો હવે બાજુમાં તમારો Photo દેખાશે. હવે આજ રીતે Signature પણ upload કરવાની રહેશે.

(૭) "Upload Photograph (ફોટો અપલોડ કરો)" ભરાયા બાદ "Upload Signature (સહી અપલોડ કરો)" માં ઉમેદવારે પોતાનો સારી ગુણવત્તા-ઓળખી શકાય તેવી અને સ્વીકાર્ય એવી સફેદ કાગળ ઉપર કાળા/બ્લ્યુ કલરમાં સહી કરીને તેને સ્કેન કરીને JPG ફોર્મેટમાં ૨.૫ સે.મી. લંબાઈ **X** ૭.૫ સે.મી. પહોળાઈની માપમાં સહી અપલોડ કરવાની રહે છે.

(૮) "Upload Signature (સહી અપલોડ કરો)" ભરાયા બાદ "Education Details (શૈક્ષણિક લાયકાત)" માં ઉમેદવારે પોતે મેળવેલી શૈક્ષણિક લાયકાતોની વિગતો આપેલ કોષ્ટકમાં વિગતે ભરવાની રહે છે. જે શૈક્ષણિક લાયકાતમાં ટકાવારી ન આપવામાં આવે ત્યાં "શુન્ય" ભરવાની રહેશે.

(૯) "Education Details (શૈક્ષણિક લાયકાત)" ભરાયા બાદ "Essential/Additional Education Details (આવશ્યક/વધારાની શૈક્ષણિક લાયકાત)" માં ઉમેદવારે પોતે મેળવેલી શૈક્ષણિક લાયકાતોની વિગતો આપેલ કોષ્ટકમાં વિગતે ભરવાની રહે છે. જે શૈક્ષણિક લાયકાતમાં ટકાવારી ન આપવામાં આવે ત્યાં "શુન્ય" ભરવાની રહેશે.

(૧૦) “Essential/Additional Education Details (આવશ્યક/વધારાની શૈક્ષણિક લાયકાત)” ભરાયા બાદ “Experience Details (અનુભવની માહિતી)” માં ઉમેદવારે પોતે લાયકાત મેળવ્યા બાદ નો મેળવેલ અનુભવ/નોકરીના વર્ષ અને તારીખની ક્રમાનુસાર વિગતો ભરવી. “Add Experience” પર ક્લિક કરીને મેળવેલ અન્ય અનુભવની વિગતો નાખી શકાય.

(૧૧) “Experience Details (અનુભવની માહિતી)” ભરાયા બાદ “Additional Information (વધારાની માહિતી) માં ઉમેદવારે પોતાની લાગુ પડતી માહિતી ભરવી.

(૧૨) તેની નીચે “Assurance/ Self-Declaration (બાહેંધરી)” તે વાંચીને તેમાં Yes / No પર click કરવું.

(૧૩) હવે save પર “click” કરવાથી તમારો Data Save થશે. અહીં ઉમેદવારનો Application અને Confirmation Number બન્ને generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાના રહેશે અને હવે પછી આ જાહેરાતના સંદર્ભમાં આયોગ સાથેના કોઈ પણ પત્ર વ્યવહારમાં આ બન્ને વિગતો દર્શાવવાની રહેશે. Confirm થયેલ અરજીપત્રકની પ્રિન્ટ અચૂક કાઢી રાખવી.

(૧૪). જો આપની અરજીપત્રકમાં કોઇ સુધારા-વધારા કરવાના હોય તો “**Edit**” વિકલ્પમાં જઇને તે જાહેરાત માટે ઓનલાઇન અરજી કરવાનાં છેલ્લા દિવસ સુધીમાં (બપોરે ૦૧:૦૦ વાગ્યા) સુધારી શકાશે. જાહેરાત માટે ઓનલાઇન અરજી કરવાનો સમય પૂર્ણ થયા બાદ આ સુવિધા (અરજીમાં કોઈ પણ જાતનો સુધારો કરવા માટે) ઉપલબ્ધ રહેશે નહીં.

નોધ:- One Time Registration (OTR) ઉમેદવારને ઓનલાઇન અરજી ઝડપથી કરવા માટેનું સહાયક મોડ્યુલ છે. તે કરવા માત્રથી આયોગની કોઇ જાહેરાતમાં online અરજી કરેલી ગણાશે નહિં. આથી OTR કર્યા બાદ ઉમેદવારે સંબંધિત જાહેરાતમાં Online કરેલ અરજી ફરજીયાતપણે કરવાની રહે છે જેમાં ચુક થયેથી ઉમેદવાર જ જવાબદાર રહેશે.

૨૬. અરજી ફી :

(૧) બિન અનામત પુરૂષ/મહિલા ઉમેદવારો અરજી ફી નીચેનાં બે વિકલ્પો પૈકી કોઈપણ રીતે ભરી શકે છે:

૧. પોસ્ટ ઓફીસમાં : સામાન્ય કેટેગરીનાં ઉમેદવારે ભરવાની થતી ફી સંદર્ભે “Print Challan” ઉપર ક્લિક કરીને પ્રિન્ટેડ ચલણની નકલ કાઢવાની રહેશે. આ પ્રિન્ટેડ ચલણની નકલ લઈને નજીકની કોમ્પ્યુટરની સુવિધા ધરાવતી પોસ્ટ ઓફીસમાં જવાનું રહેશે. પોસ્ટ ઓફીસમાં રૂ.૧૦૦/- આયોગની ફી + પોસ્ટલ સર્વિસ ચાર્જ તા. ૩૦/૦૭/૨૦૨૨ સુધીમાં ભરવાનાં રહેશે અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે. આ ચલણ તથા confirm થયેલ અરજીપત્રક ઉમેદવારે પોતાની પાસે સાચવીને રાખવાનાં રહેશે અને જ્યારે આયોગ દ્વારા મંગાવવામાં આવે ત્યારે જ અરજીપત્રક બિડાણો સહિત તથા ફી ભરેલા ચલણની નકલ સાથે R.P.A.D. / Speed post થી મોકલવાનાં રહેશે

૨. ઓનલાઈન ફી : ઓનલાઈન ફી જમા કરાવવા માટે “Print Challan” પર ક્લિક કરવું અને વિગતો ભરવી અને ત્યાં “Online Payment of Fee” ઉપર ક્લિક કરવું. ત્યારબાદ આપેલ વિકલ્પોમાં Net Banking, Card Payment અથવા Other Payment Mode ના વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરવો અને આગળની વિગતો ભરવી. ફી જમા થયા બાદ આપની ફી જમા થઈ ગઈ છે તેવું screen પર લખાયેલું આવશે અને e-receipt મળશે, જેની print કાઢી લેવી. જો પ્રક્રિયામાં કોઈ ખામી હશે તો screen પર આપની ફી ભરાયેલ નથી તેમ જોવા મળશે.

(૨) રાજ્ય બહાર વસતાં સામાન્ય કેટેગરીનાં ઉમેદવારોએ પોસ્ટ ઓફીસમાં પરીક્ષા ફી રૂ.૧૦૦/- ભરવાની રહેશે અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે. અથવા આ ઉમેદવારોએ રૂ.૧૦૦/- ના “સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર” ના નામના ક્રોસ્ડ ભારતીય પોસ્ટલ ઓર્ડરથી ફી જમા કરાવી શકશે.

(૩) ઉમેદવારોએ પ્રિલિમિનરી પરીક્ષા તથા મુખ્ય પરીક્ષા માટે અલગ અલગ ફી ભરવાની રહેશે. જે પૈકી હાલ પુરતું પ્રિલિમિનરી પરીક્ષા માટે જ પરીક્ષા ફી ભરવાની રહેશે.

(૪) અનામત કક્ષાના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરે તો તેઓએ અરજી ફી ભરવાની રહેશે નહીં.

(૫) મૂળ ગુજરાતના અનુ.જાતિ, બૌધ ધર્મ અપનાવેલ અનુ.જાતિ, અનુ.જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે નબળા વર્ગના અને દિવ્યાંગ ઉમેદવારોએ પરીક્ષા ફી ભરવાની રહેતી નથી.

(૬) માજી સૈનિકોએ અરજી ફી ભરવાની રહેતી નથી.

(૭) ફી ભર્યા બાદ રીફંડ મળવાપાત્ર નથી.

(૮) ફી ભર્યા વગરની અરજી રદ થવાને પાત્ર છે. ફી ભરેલ નહીં હોય તેવા ઉમેદવારોને કોઈપણ સંજોગોમાં પ્રિલિમિનરી પરીક્ષા /મુખ્ય લેખિત કસોટીમાં બેસવા દેવામાં આવશે નહીં. આ ફી પોસ્ટ ઓફીસ /નેટ બેંકીંગ દ્વારા જ સ્વીકારવામાં આવશે. રોકડમાં, ડીમાન્ડ ડ્રાફ્ટથી, ભારતીય પોસ્ટલ ઓર્ડર (રાજ્ય બહાર વસતાં સામાન્ય કેટેગરીનાં ઉમેદવારો સિવાય ) કે પે ઓર્ડરના સ્વરૂપમાં આ ફી સ્વીકારવામાં આવશે નહિ, જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.

(૯) તા.૧ લી જાન્યુઆરી ૧૯૬૪ના રોજ અથવા તે પછી પૂર્વ પાકિસ્તાનમાંથી સ્થળાંતર કરી ભારતમાં આવેલી નિર્વાસિત વ્યક્તિઓની બાબતમાં જો આયોગને સંતોષ થાય કે ઉમેદવારો ફી ચૂકવી શકે તેમ નથી તો યોગ્ય કિસ્સામાં ફી માફ કરવામાં આવશે.

(૧૦) આયોગને અરજી કર્યા પછી ફી પરત કરવા અંગેની વિનંતી સ્વીકારવામાં આવશે નહિ અથવા એ ફી બીજી કોઈ પરીક્ષા કે પસંદગી માટે અનામત તરીકે રાખવામાં આવશે નહિ.

२७. અગત્યની સૂચના :

(૧) ઉમેદવારને પોતાની સાથે કોઈ સેલ્યુલર ફોન, પેજર અથવા બીજા કોઈ મોબાઈલ સંદેશા વ્યવહારના સાધનો પરીક્ષા ખંડમાં સાથે લઈ જવાની છૂટ નથી, જેના ભંગ બદલ ઉમેદવાર ચેતવણીઓમાં નિર્દિષ્ટ શિક્ષાને પાત્ર બનશે.

(૨) ઉમેદવાર પ્રિલિમિનરી પરીક્ષામાં કેલ્ક્યુલેટરનો ઉપયોગ કરી શકશે નહિ.

(૩) ઉમેદવારોને ખાસ જણાવવાનું કે, અરજીપત્રક તથા પ્રમાણપત્રોની ચકાસણી દરમ્યાન કોઈ ઉમેદવાર, આ જગ્યાના ભરતી નિયમો તથા જાહેરાતની જોગવાઈ મુજબ લાયકાત ધરાવતા નથી તેમ માલૂમ પડશે તો તેમની ઉમેદવારી કોઈ પણ તબક્કે રદ કરવામાં આવશે.

२८. નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ કરવામાં આવશે. (આ યાદી માત્ર દ્દષ્ટાંત સ્વરૂપે છે જે સંપૂર્ણ નથી )

(૧) અરજીમાં દર્શાવેલ વિગતો અધૂરી કે અસંગત હોય.

(૨) અરજીમાં ઉમેદવારે સહી અપલોડ કરેલ ન હોય.

(૩) અરજી ફેક્સથી અથવા ઈ-મેઇલ થી મોકલાવેલ હોય.

(૪) અરજીમાં પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ અપલોડ કરેલ ન હોય.

(૫) અનામત કક્ષાના ઉમેદવારોએ અરજીપત્રક સાથે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૬) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ રજુ કરેલ ન હોય

(૭) ઉમેદવારે શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં માર્કશીટ/પદવી પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૮) જન્મ તારીખ માટે એસ.એસ.સી.ઇ. પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૯) ઉમેદવારે અરજીપત્રકમાં અનુભવ દર્શાવેલ હોય (જેના આધારે પાત્રતા નક્કી કરવાની થતી હોય) પરંતુ તેના સમર્થનમાં પ્રમાણપત્ર રજુ કરેલ ન હોય અથવા તો રજુ કરેલ પ્રમાણપત્રમાં તેઓનો અનુભવનો સમયગાળો, મુળ પગાર, કુલ પગાર અને અનુભવનો પ્રકાર દર્શાવેલ ન હોય,અનુભવનું પ્રમાણપત્ર સંસ્થાના લેટરપેડ ઉપર ન હોય તથા સક્ષમ સત્તાધિકારીની સહી વિનાનું હોય.

(૧૦) તબીબી શિક્ષણ વિષયક જગ્યાની જાહેરાતમાં મેળવેલ પદવી MCI/DENTAL COUNCIL/ CCIM/ CCH માન્ય છે, તેવુ યુનિવર્સીટી અથવા કોલેજના સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરેલ ન હોય.

૨૯. ગેરવર્તણૂંક અંગે દોષિત ઠરેલા ઉમેદવારો વિરૂધ્ધ પગલાં :-

ઉમેદવારોને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓએ અરજીપત્રકમાં કોઇપણ પ્રકારની ખોટી માહિતી દર્શાવવી નહી, તેમજ આવશ્યક માહિતી છૂપાવવી નહી,ઉપરાંત તેઓએ રજુ કરેલ અસલ દસ્તાવેજો કે તેની પ્રમાણિત નકલમાં કોઇપણ સંજોગોમાં સુધારો અથવા ફેરફાર અથવા બીજા કોઇપણ ચેડાં કરવા નહીં અથવા તેઓએ આવા ચેડાં કરેલ / બનાવટી દસ્તાવેજો રજુ કરવા નહી,જો એકજ બાબતના બે કે તેથી વધુ દસ્તાવેજોમાં અથવા તેની પ્રમાણિત નકલમાં કોઇપણ પ્રકારની અચોક્સાઇ અથવા વિસંગતતા જણાય તો તે વિસંગતતાઓ બાબતની સ્પષ્ટતા રજુ કરવી. જો કોઇ ઉમેદવાર આયોગ દ્વારા દોષિત જાહેર થયેલ હોય અથવા થાય તો ,

(૧) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ રીતે યોગ્યતા પ્રાપ્ત કરવા

(૨) નામ બદલીને પરીક્ષા આપવી,

(૩) કોઇ અન્ય વ્યક્તિ દ્વારા છળ કપટથી કામ પુર્ણ કરાવ્યુ હોય ,

(૪) બનાવટી દસ્તાવેજ રજુ કર્યા હોય, દસ્તાવેજો ઓનલાઈન અપલોડ કરતી વખતે Scanning માં કોઈ ચેડાકરેલ હોય,

(૫) અગત્યની બાબત છુપાવવા અથવા દોષમુક્ત અથવા ખોટા નિવેદનો કરેલ હોય,

(૬) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ અનિયમિત કે અનુચિત ઉપાયોનો સહારો લીધો હોય ,

(૭) કસોટી સમયે કોઇ અનુચિત સાધનોનો ઉપયોગ કર્યો હોય ,

(૮) ઉત્તરવહી માં અશ્લીલ ભાષા કે અશિષ્ટ બાબતો સહિતની અસંગત બાબતો રજુ કરેલ હોય,

(૯) પરીક્ષા ખંડમાં કોઇપણ રીતની ગેરવર્તણૂક આચરવી,જેવી કે અન્ય ઉમેદવારની જવાબવહીની નકલ કરવી,પુસ્તક, ગાઇડ, કાપલી તેવા કોઇપણ છાપેલ કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા કે કોઇ સાંકેતિક રીતે નકલ કરવા કે અન્ય ઉમેદવારોને નકલ કરાવવાની ગેરરિતીઓ પૈકી કોઇપણ ગેરરીતી આચરવા માટે,

(૧૦) આયોગ દ્વારા પરીક્ષાની કામગીરી અંગે નિયુક્ત થયેલા કર્મચારીઓને પજવણી કરવી, કોઇપણ પ્રકારની શારીરિક ઇજા પહોચાડવી અથવા

(૧૧) ઉપરોક્ત જોગવાઇઓમાં ઉલ્લેખાયેલ દરેક અથવા કોઇપણ કૃત્ય કરવા કે કરાવવા પ્રયત્ન કર્યો હોય તેણે કે સીધી અથવા આડકતરી રીતે આયોગ પર દબાણ લાવનાર ઉમેદવાર નીચે દર્શાવેલ શિક્ષા ઉપરાંત આપોઆપ, ફોજદારી કાર્યવાહીને પાત્ર બનશે.

(ક) આયોગ દ્વારા તે પસંદગીના ઉમેદવાર તરીકે ગેરલાયક ઠરાવી શકાશે, અને /અથવા

(ખ) તેને આયોગ લે તેવી કોઇપણ પરીક્ષા કે કોઇપણ રૂબરૂ મુલાકાત માટે કાયમી કે મુકરર મુદત માટે

(૧) આયોગ દ્વારા લેવાનાર કોઇપણ પરીક્ષા કે પસંદગી માટે, અને

(૨) રાજય સરકાર હેઠળની કોઇપણ નોકરીમાંથી સરકાર દ્વારા ગેરલાયક ઠરાવી શકાશે અને

(ગ) જો સરકારી સેવામાં અગાઉથી જ હોય તો તેના વિરૂધ્ધ સમુચિત નિયમો અનુસાર શિસ્તભંગના પગલાં લઇ શકાશે.

(૧૨) ઉપરોકત વિગતોમાં નિર્દિષ્ટ કરેલ શિક્ષા કરતા પહેલા આયોગ/ સરકાર દ્વારા ઉમેદવારને /કર્મચારીને

(૧) આરોપનામામાં તેમની સામેના સ્પષ્ટ આરોપો અથવા કેસના પ્રકાર બાબતે,

(૨) લેખિતમાં શિક્ષા અંગે બચાવનામું- હકીકત રજુ કરવા અને

(૩) શિક્ષા અંગે નિયત સમય મર્યાદામાં રૂબરૂ રજુઆત કરવાની તક આપવામાં આવશે.

30. આ જાહેરાત અન્વયે અર્થઘટન બાબતે આ જગ્યાના ભરતી નિયમો અને પરીક્ષા નિયમોની જોગવાઇ આખરી રહેશે.

- ઉમેદવારનો સમાવેશ અનામત વર્ગ ,માજી સૈનિક,મહિલા કે વિધવા પૈકીના વિકલ્પો પૈકી એક થી વધુ વિકલ્પોમાં થતો હોય તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે મળશે.
- ઉપરોક્ત દર્શાવેલ જગ્યાની સંખ્યામાં ફેરફાર કરવાનો આયોગને અબાધિત અધિકાર રહેશે.

નોંધ : ૧) મદદનીશ વન સંરક્ષક, વર્ગ-૨ જગ્યાના ભરતી નિયમો, ભરતી (પરીક્ષા) નિયમો, પરીક્ષાનો અભ્યાસક્રમ, ફી, અરજીપત્રક સાથે જોડવાના આવશ્યક પ્રમાણપત્રોની યાદી, વય મર્યાદામાં છુટછાટ, અરજી ક્યા સંજોગોમાં રદ થવાને પાત્ર છે તેની વિગતો, પરિશિષ્ટ-'ક', પરિશિષ્ટ-'૪', પરિશિષ્ટ-'ગ', સરકારી કર્મચારીએ રજૂ કરવાના ના-વાંધા પ્રમાણપત્રનો નમૂનો અને જાહેરાતની અન્ય વધુ વિગતો આયોગની વેબસાઇટ **https://gpsc.gujarat.gov.in** ઉપર જોઇ લેવાની રહેશે. આ જાહેરાત સંબંધમાં વધુ માહિતી જરૂર જણાય તો આયોગની કચેરીથી, કચેરી સમય દરમ્યાન ટે.નં. ૦૭૯-૨૩૨૫૮૯૮૦ ઉપરથી મળી શકશે.

૨) ઉમેદવાર દ્વારા કરવામાં આવતી ઓનલાઇન અરજી જાહેરાત માટે અરજી કરવાનાં છેલ્લા સમય સુધી **"Editable"**છે જેથી અરજીમાં કોઇ ક્ષતિ રહી જવા પામી હોય કે અરજીની વિગતોમાં કોઇ સુધારા વધારા કરવાના હોય તો **https://gpsc-ojas.gujarat.gov.in** વેબ સાઇટ પર જઇ **Online Application** મોડ્યુલનાં **"Edit" option** માં જઇ વિગત સુધારી લેવી, નવી અરજી કરવી નહિ.

૩) **One Time Registration (OTR)** એ ઉમેદવારને ઓનલાઇન અરજી ઝડપથી કરવા માટેનું સહાયક મોડ્યુલ છે.તે કરવા માત્રથી આયોગની કોઇ જાહેરાતમાં ઓનલાઇન અરજી કરેલી ગણાશે નહિ. આથી **OTR** કર્યા બાદ ઉમેદવારે સંબંધિત જાહેરાતમાં **Online** અરજી ફરજીયાત પણે કરવાની રહે જેમાં ચુક થયેથી ઉમેદવાર જ જવાબદાર રહેશે.

તા.૧૫.૦૭.૨૦૨૨

# GUJARAT PUBLIC SERVICE COMMISSION

**Advt.No. 12/2022-23**

Online Applications are invited from 15-07-2022 (13-00 hours) to 30-07-2022 (13-00 hours) for the posts of Assistant conservator of forest, class-II. The reservation for S.C., S. T., S. & E. B.C.,E.W.S & women candidates is as under. In case of non - avaiability of Women candidates, in the respective category, the post so reserved will be allotted to male candidates belonging to the same category.

| Name of Post | Total Posts | Category wise Posts | | | | | Out of Category wise posts reserved for women | | | | | Post reserved for Persons with Disabilities and Ex-Servicemen out of the total Posts | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | Gen. | E.W.S | S. & E. B. C. | S. C. | S. T. | Gen. | E.W.S | S. & E. B. C. | S. C. | S. T. | Persons with Disabilities | Ex-Ser. |
| Assistant conservator of forest class-II | 38 | 17 | 03 | 10 | 03 | 05 | 05 | 00 | 03 | 00 | 01 | 02 | 00 |

***Only LC= Leprocy Cured and AVV= Acid Attack Victims can apply against the vacancies reserved for Persons with Disabilities.**

**Note:-** The candidates belonging to reserved category can apply against vacancies for Unreserved category and the criteria will be applicable as per Unreserved Category.

**E.Q.:- (1)**Possess a bachelor's degree obtained from any of the University established or incorporated by or under the Central or a State Act in India; or any other educational institution recognised as such or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act, 1956 in one of the following subjects as principal subject, namely:- (i) Botany, (ii) Chemistry, (iii) Geology, (iv) Mathematics, (v) Physics, (vi) Statistics, (vii) Zoology, (viii) Microbiology, (ix) Biotechnology, (x) Bio-chemistry, (xi) Environmental Science, (xii) Animal Husbandry and Veterinary Science, (xiii) Agriculture, (xiv) Forestry, (xv) Horticulture (xvi) Engineering / Technology: Provided that notwithstanding anything contained in above clause the candidate who possesses a degree of B.Sc. (Agriculture) or B.Sc. (Horticulture) or B.Sc. (Forestry), must be obtained from any of the Agriculture University or Horticulture University established incorporated by or under the Central Agriculture Universities Act or Central Horticulture Universities Act or State

Agriculture Universities Act or State Horticulture Universities Act in India: Provided further that candidate who possess B.Sc. degree in Forestry as principal subject shall be eligible to get an additional 10 percent marks of the total marks obtained in the main written examination and interview.**(2)**Candidates who have appeared at an examination, the passing of which would render them educationally qualified for the Preliminary Examination, but have not been informed of the result, such candidates shall be permitted for admission to the Preliminary Examination: Provided that such candidate shall be required to fulfil the minimum age criteria on the date mentioned by the Commission in the advertisement. **(3)** All candidates who are declared qualified by the Commission for appearing in the Main Examination shall be required to produce proof of passing the requisite educational qualifications alongwith their application for the Main Examination. A candidate who fails to produce the proof of passing the requisite educational qualification shall not be eligible for admission to the Main Examination. 12. Decision of Commission shall be final

**Pay Scale**:- Pay Matrix Level No: 9 : Rs.53,100-1,67,800 and other allowances

**Age:-** A candidate shall not be less than 20 years of age and not be more than 36 years of age as on 30/07/2022. Age will be calculated as on the last date of receipt of online application. Upper age limit shall be relaxed as under:

| | | |
|---|---|---|
| 1 | E.W.S.,S. & E. B.C., S.C. & S.T. Male candidates of Gujarat origin. | 05 years |
| 2 | Women candidates of unreserved Category | 05 years (Maximum up to 45 years) |
| 3 | Women Candidates of Reserved Category | 10 years (including 05 years relaxation as Woman, Maximum up to 45 years.) |
| 4 | Ex-servicemen / Officers | For appointment to any vacancy in class-1 and class-2 Services or posts filled by direct recruitment, the upper age limit shall be relaxed by the length of military service increased by three years in case of Ex-Serviceman and Commissioned Officers including Emergency Commissioned Officers or Short Service Commissioned Officers who have rendered at least five years military services and have been released:-<br><br>1)on completion of assignment (including those whose assignment is due to be completed within 1 year) otherwise than by way of dismissal or discharge on account of misconduct or inefficiency; or 2) on account of physical disability attributable to military service or on invalidment. **(Maximum up to 45 years)** |
| 5 | Government Servant | No relaxation in upper age will be available to Government Servant |
| 6 | Persons with Disabilities | 10 years (Maximum up to 45 years) |

**Note:** For the interpretation of the advertisement, the provisions of recruitment Rules and examination Rules of the post shall be final.

The details of advertisement can be seen on website **https://gpsc.gujarat.gov.in**

(H.K THAKAR)
Joint Secretary
Gujarat Public Service Commission